For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વોર્ડ નં. 11માં વિનાયક હાઉસીંગ સોસાયટીના 360 પરિવારો દ્વારા ચૂંટણી બહિષ્કાર

# 'નેતાઓ અમને ઓળખતા નથી તો અમે વોટને ઓળખતા નથી'

**જર્જરિત** મકાનો અને ગંદકીના પ્રશ્ને તમામ પક્ષના નેતાઓ માટે સોસાયટીના દરવાજા બંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બ્યુગલ વાગતાની સાથે જ રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવા માટે લોભામણા વચનો અને ચૂંટણી ઢંઢેરાઓનો મારો શરૂ કર્યો છે. તમામ પક્ષો વિકાસની વાતો કરી રહ્યા છે, પરંતુ વડોદરા શહેરના વોર્ડ નંબર 11માં આવેલ સનફાર્મા રોડ પરના 'વિનાયક હાઉસિંગ' વુડાના મકાનો ની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. અહીં વિકાસ માત્ર કાગળ પર હોય તેમ પ્રાથમિક સુવિધાઓના નામે શૂન્યતા જોવા મળી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં શાસકો સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.



**'નો વોટ, નો એન્ટ્રી'નો નિર્ધાર**

વર્ષોથી ખોટા વચનો અને 'લોલીપોપ' થી કંટાળેલા વિનાયક હાઉસિંગના રહીશોએ આ વખતે આરપારની લડાઈ લડવાનું નક્કી કર્યું છે. 360 પરિવારોએ એકસૂરે સંકલ્પ કર્યો છે કે જ્યાં સુધી પ્રાથમિક સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી કોઈ પણ પક્ષને વોટ આપવો નહીં. આટલું જ નહીં, રહીશોએ ચૂંટણી પ્રચાર માટે આવતા નેતાઓ કે કાર્યકરોને સોસાયટીમાં પ્રવેશવા ન દેવાનો પણ કડક નિર્ણય લીધો છે. લોકો હવે વચનો નહીં પણ વળતર અને વિકાસ ઈચ્છી રહ્યા છે.

વિનાયક હાઉસિંગમાં આવેલા વુડાના આવાસની હાલત અત્યંત બિસ્માર અને જર્જરિત થઈ ગઈ છે. મકાનોના પોપડા ઉખડવા અને તિરાડો પડવી અહીં સામાન્ય બાબત બની ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મકાનોની સ્થિતિ જોતા ગમે ત્યારે કોઈ મોટી હોનારત સર્જાઈ શકે તેમ છે. છતાં તંત્ર દ્વારા આ જોખમી ઈમારતોના સમારકામ કે નવીનીકરણ બાબતે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. લોકો અહીં જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે.

આ વિસ્તારમાં રોડ-રસ્તાના ઠેકાણા નથી, જે રહીશોની હાલાકીમાં વધારો કરે છે. ગટર વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાયેલી છે, જેના કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ઉભરાય છે. આટલું ઓછું હોય તેમ, પીવાનું પાણી પણ શુદ્ધ મળતું નથી. દૂષિત પાણીના પુરવઠાને કારણે અહીં રહેતા આશરે 360 પરિવારોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે અને ઘરે-ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.

રહીશોનો સૌથી મોટો આક્ષેપ એ છે કે વારંવાર કોર્પોરેશનની વોર્ડ ઓફિસમાં રૂબરૂ જઈને રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. લોકોમાં એ વાતનો સખત રોષ છે કે, "અમારા કોર્પોરેટર કોણ છે તેની પણ અમને ખબર નથી." માત્ર ચૂંટણી સમયે મતોની ઝોળી ફેલાવીને આવતા નેતાઓ જીત્યા પછી ક્યારેય આ વિસ્તારની મુલાકાત લેતા નથી. લોકોની તકલીફો જાણવાની દરકાર પણ કોઈ જનપ્રતિનિધિએ કરી નથી.

### ચૂંટણી ટાણે અક્ષય એપાર્ટમેન્ટના રહિશોનો વિરોધ

# 'અશાંત ધારો લાગુ કરો અથવા પરિણામ ભોગવવા તૈયાર રહો'ના સૂર સાથે સોસાયટીમાં લાગ્યા બેનરો

**આર.વી.** દેસાઈ રોડ પર રહિશોએ બેનરો લગાવી તંત્ર સામે ખુંટ ઠોકી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના અતિ વ્યસ્ત અને રહેણાંક વિસ્તાર ગણાતા આર.વી. દેસાઈ રોડ પર અશાંત ધારો લાગુ કરવાની માંગ ઉગ્ર બની છે. અક્ષય એપાર્ટમેન્ટના રહીશોએ સોસાયટી બહાર મોટા બેનરો લગાવી પોતાના આક્રોશની જાહેર વ્યક્ત કરી છે. ચૂંટણીના માહોલ વચ્ચે ઉઠેલી આ માંગણીએ વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

આર. વી. દેસાઈ રોડ અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા સમયથી મિલકતોના વેચાણ અને વસ્તીના બદલાતા માળખાને લઈ



સ્થાનિકોમાં ચિંતા છે. રહીશોના જણાવ્યા મુજબ, વિસ્તારની સામાજિક એકતા અને શાંતિ જાળવવા અશાંત ધારો લાગુ કરવો જરૂરી છે. તેઓએ આક્ષેપ કર્યો કે સમયસર પગલાં નહીં લેવાય તો વસ્તીનું સંતુલન બગડી શકે છે અને સામાજિક તણાવ ઊભો થઈ શકે છે.

રાજ્યમાં ચૂંટણીનો માહોલ હોવા છતાં નાગરિકો પોતાની માંગણીઓ માટે સક્રિય બન્યા છે. વડોદરાના અન્ય વિસ્તારોમાં પણ અગાઉ આવી માંગ ઉઠી ચૂકી છે, પરંતુ મુખ્ય માર્ગ પર જાહેર બેનરો લગાવાતા મામલો વધુ ગરમાયો છે. બેનરો દ્વારા સ્થાનિકોએ એકતા દર્શાવી અશાંત ધારો લાગુ કરવાની સ્પષ્ટ માંગ કરી છે.

અશાંત ધારો લાગુ થતાં વિસ્તારમાં મિલકતના હસ્તાંતરણ પર નિયંત્રણ આવે છે અને કલેક્ટરની મંજૂરી વગર વેચાણ શક્ય નથી. હવે જિલ્લા કલેક્ટર અને રાજ્ય સરકાર આ મુદ્દે શું નિર્ણય લે છે તે મહત્વપૂર્ણ બન્યું છે. ચૂંટણી પહેલા કોઈ પગલાં લેવામાં આવશે કે વિરોધ વધુ ઉગ્ર બનશે તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે.

### રેકોર્ડ ડિજિટલ-ફિઝિકલ બંને સ્વરૂપે સાચવવો પડશે

# ગ્રાન્ટેડ શાળાઓને 2005 થી 2023 સુધીના ઓડિટ હિસાબો રજૂ કરવા DEOનો આદેશ

**કમિશનર** ઓફ સ્કૂલ્સની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પરિપત્ર મારફતે સૂચના અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં ખાતાકીય ગેરરીતિઓ અંગે વારંવાર ઉઠતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે કડક પગલું ભર્યું છે. વર્ષ 2005 થી 2023 સુધીના 20 વર્ષના ઓડિટ અને ગ્રાન્ટ એસેસમેન્ટના હિસાબો રજૂ કરવા રાજ્યભરના જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આ માટે પરિપત્ર જાહેર કરી તમામ જિલ્લાઓને જરૂરી કાર્યવાહી કરવા કહેવાયું છે.

**વર્ષ 2005 થી 2023 સુધીના રેકોર્ડ્સ એકઠા કરવા એ શાળાઓ માટે એક મોટો પડકાર**

રેકોર્ડની માંગણી એ શૈક્ષણિક વહીવટમાં સંપૂર્ણ પારદર્શકતા લાવવાનો એક મોટો પ્રયાસ કહી શકાય. આ આદેશ સ્પષ્ટ કરે છે કે હવે માત્ર ફિઝિકલ ફાઈલો નહીં, પણ તમામ હિસાબોનું ડિજિટલ ફોર્મેટમાં હોવું અનિવાર્ય બની ગયું છે. વીસ સુધીના રેકોર્ડ્સ એકઠા કરવા એ શાળાઓ માટે એક મોટો પડકાર છે, કારણ કે આટલા લાંબા સમયમાં ક્લાર્ક કે સ્ટાફ બદલાઈ ગયા હોય શકે. દર વર્ષે ડીઈઓ અને કમિશનર કચેરી દ્વારા ઓડિટ થતું જ હોય છે, ત્યારે ફરીથી 20 વર્ષના ડેટા માંગવા તે વહીવટી બોજ વધારનારી પ્રક્રિયા છે. - **પરેશ શાહ,** આચાર્ય

શિક્ષણ વિભાગના આ નિર્ણય મુજબ હવે શાળાઓએ 20 વર્ષના તમામ હિસાબી રેકોર્ડ ડિજિટલ તેમજ ફિઝિકલ બંને સ્વરૂપે જાળવવાના રહેશે. જિલ્લા કક્ષાએ શાળાઓના ઓડિટ ડેટા ડાઉનલોડ કરી સંગ્રહ કરવાની સૂચના આપવામાં આવી છે. કમિશનર ઓફ સ્કૂલ કચેરીના પરિપત્ર અનુસાર, જિલ્લા શિક્ષણાધિકારીઓએ વર્ષ 2005થી 2023 દરમિયાન થયેલા ગ્રાન્ટ એસેસમેન્ટના હુકમોની ફાઈલો અદ્યતન બનાવી કાયમી રેકોર્ડમાં સામેલ કરવાની રહેશે.

આ ઉપરાંત, ઓડિટ દરમિયાન થયેલી વસૂલાત અને કપાતની માહિતી માટે એકંદરીકરણ એસેસમેન્ટ રજિસ્ટર તેમજ ખાતાકીય વસૂલાત રજિસ્ટર રાખવું ફરજિયાત બનાવાયું છે. ખાસ કરીને, જે શાળાઓ બંધ થઈ ગઈ છે અથવા જેમના ઈન્ડેક્સ નંબર રદ થઈ ગયા છે, તેમની પણ ઓડિટ સંબંધિત તમામ ફાઈલો અને નકલો તૈયાર રાખવી પડશે જેથી ઓડિટ ટીમને જરૂરી માહિતી મળી રહે.

આ નિર્ણયને કારણે શાળા સંચાલકોમાં અસંતોષ ફેલાયો છે. સંચાલકોનું કહેવું છે કે દર વર્ષે જિલ્લા શિક્ષણાધિકારી, કમિશનર કચેરી તેમજ કેગ દ્વારા ઓડિટ થાય છે અને વર્ષ દરમિયાન અનેક નિરીક્ષણો પણ કરવામાં આવે છે. છતાં 20 વર્ષના રેકોર્ડ માગવાની કાર્યવાહી યોગ્ય નથી. જોકે, વિભાગનું માનવું છે કે અનેક શાળાઓ સમયસર ઓડિટ કરાવતી નથી અને વધુ મળેલી ગ્રાન્ટની વસૂલાત પણ ભરપાઈ કરતી નથી, જેના કારણે આ કડક પગલું લેવામાં આવ્યું છે.

# ઓરસંગ નદીમાં પાણી પીવા ઉતરેલા યુવકને મગરે ઊંડા પાણીમાં ખેંચી જતાં કરુણ મોત

**સ્થાનિક** તંત્ર અને ગામજનોની જહેમત બાદ મૃતદેહ બહાર કઢાયો, સમગ્ર પંથકમાં શોકની લાગણી

(પ્રતિનિધિ) વડોદરા. તા.18

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ડભોઈની ઓરસંગ નદીમાં ગરમીથી રાહત મેળવવા અને પાણી પીવા ઉતરેલા એક યુવકને મગરે અચાનક ખેંચી જતાં તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે ભિલોડિયા ગામ સહિત સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, ભિલોડિયા ગામના રહેવાસી મનોજ રામાભાઈ તડવી નામનો યુવક ગત રોજ મોડી સાંજે ઓરસંગ નદી કિનારે ગયા હતા. આકરા તાપ અને ગરમીને કારણે મનોજ નદીના કાંઠે પાણી પીવા માટે



ઉતર્યો હતો. આ સમયે જ નદીમાં રહેલા એક વિશાળકાય મગરે અચાનક હુમલો કરી મનોજને પાણીના ઊંડાણમાં ખેંચી જતાં તેને બહાર આવવાની તક પણ મળી ન હતી.

યુવકને મગર પાણીમાં ખેંચી ગયો હોવાની જાણ થતા જ આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક સ્થાનિક તરવૈયાઓ અને એન.જી.ઓના સભ્યોને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજી ડભોઈના આર.એફ.ઓ સહિત વન વિભાગની ટીમ અને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગ અને સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત ઉઠાવીને નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જે બાદ મનોજનો મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મળી હતી.

ઘટનાસ્થળેથી મૃતદેહને કબજે કરી ડભોઈની રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પરના તબીબો દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. યુવકના આકસ્મિક મોતને લઈને પરિવારજનો આક્રંદ કરી રહ્યા છે અને ગામમાં ભારે ગમગીની છવાયેલી છે.

ઓરસંગ નદીમાં અવારનવાર મગર દેખાવાની ઘટનાઓ બનતી હોય છે. તંત્ર દ્વારા નદી કિનારે રહેતા લોકોને તેમજ નદીમાં જતા લોકોને સાવધ રહેવા અને પાણીના સ્ત્રોત પાસે જતી વખતે પૂરતી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. આ દુઃખદ અકસ્માતે ફરી એકવાર નદી કિનારે વસતા લોકોની સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બનાવી દીધો છે.

## ક્યુઆર કોડથી પેમેન્ટ મેળવતા વેપારીઓ GST વિભાગના ઘેરામાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

નાના અને મધ્યમ કદના વેપારીઓ જેઓ દુકાનોમાં ગ્રાહકો પાસેથી ડિજિટલ પેમેન્ટ મેળવે છે. પરંતુ, તે રકમને ધંધાકીય ખાતાને બદલે વ્યક્તિગત બેંક ખાતામાં જમા કરાવે છે. તેઓ હવે સીધા તપાસના ઘેરામાં આવ્યા છે. ઘણા કિસ્સામાં વાસ્તવિક વેચાણના આંકડા અને જીએસટી રિટર્નમાં જાહેર કરાયેલા આંકડા વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. આ વિસંગતતાઓને પકડવા માટે ટેક્સ વિભાગ હવે વિવિધ બેંકો અને પેમેન્ટ ગેટવે પાસેથી ડેટા મેળવી રહ્યું છે. જેનું મિલાન વેપારી દ્વારા ફાઈલ કરવામાં આવેલા રિટર્ન સાથે કરવામાં આવશે. જો કોઈ વેપારીના ડિજિટલ વ્યવહારો તેના જાહેર કરેલા ટન ઓવર કરતા વધારે જણાશે તો તેમને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવશે અને બાકી ટેક્સની સાથે દંડનીય કાર્યવાહી પણ થઈ શકે છે. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ સિસ્ટમમાં પારદર્શિતા લાવવાનું અને ડિજિટલ માધ્યમનો દુરુપયોગ કરીને થતી ટેક્સની ચોરી અટકાવવાનો છે.

### ઈલોરાપાર્કના અમુલ એપાર્ટમેન્ટમાં બનેલો બનાવથી અફરાતફરી

# ઈન્વર્ટરની બેટરીમાં શોર્ટ-સર્કિટ ભીષણ આગ, પરિવારનો આબાદ બચાવ

**ઘરની** અંદર રહેલો સામાન બળીને ખાખ

(પ્રતિનિધિ) વડોદરા. તા.18

શહેરમાં વધી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે આગજનીના બનાવોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. આજે ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલા અમુલ એપાર્ટમેન્ટના એક મકાનમાં અચાનક લાગેલી આગને કારણે ભારે દોડધામ મચી જવા પામી હતી. સદનસીબે, સમયસૂચકતા અને ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને લીધે મોટી જાનહાનિ ટળી હતી.

ઈલોરાપાર્ક સ્થિત અમુલ એપાર્ટમેન્ટના એક ઘરમાં અચાનક ધુમાડાના ગોટા નીકળતા જોઈ સ્થાનિકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, ઘરમાં રાખવામાં આવેલા ઈન્વર્ટરની બેટરીમાં



શોર્ટ-સર્કિટ થવાને કારણે આ આગ લાગી હતી. ઉનાળાની પ્રચંડ ગરમી અને બેટરીમાં થયેલા શોર્ટ-સર્કિટને કારણે આગે ક્ષણભરમાં જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘરના નીચેના ભાગમાં શરૂ થયેલી આ આગની જ્વાળાઓ જોતજોતામાં ઉપરના માળ સુધી પ્રસરી ગઈ હતી. આગના કારણે આખા એપાર્ટમેન્ટમાં ઘેરા કાળા ધુમાડાના વાદળો છવાઈ ગયા હતા. પોતાના ઘરમાં આગ લાગ્યાની જાણ થતા જ પરિવારજનો અને આસપાસના રહેવાસીઓ જીવ બચાવવા માટે બહાર દોડી આવ્યા હતા, જેના કારણે સમગ્ર પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયરના જવાનોએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘરની અંદર રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો છે.

# શહેરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત, તાપમાન 40.8 ડિગ્રી

**આજથી** બે દિવસ કમોસમી વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરા સહિત રાજ્યમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે, શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 40.8 ડીગ્રી લઘુત્તમ તાપમાન 22.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 48 ટકા અને સાંજે 21 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી કેટલાક દિવસોમાં મોટાભાગે હવામાન સૂકું રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે, છતાં 19 અને 20 એપ્રિલના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. નિષ્ણાંતોના મતે રાજ્યમાં માવઠા અને કમોસમી વરસાદને લઈ આગાહી વ્યક્ત કરી છે. આગાહી અનુસાર રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદ પડી શકે છે. મે મહિનામાં ખતરનાક વાવાઝોડું ફુંકાશે. ત્રણ દિવસ પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો વરસાદ વરસશે. અનુમાન મુજબ 19થી 21 એપ્રિલ વચ્ચે રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદ વરસી શકે છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં વરસાદનું અનુમાન વ્યક્ત કર્યુ છે. હાલ બે દિવસ સુધી રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન સુકુ રહેશે. મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રી પર પહોંચી ગયો છે. ત્યારે, વડોદરામાં પણ વીતેલા 24 કલાકમાં ફરી ગરમીના પ્રમાણમાં વધારો થતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અંગ દઝાડતી ગરમીને કારણે બપોરના સુમારે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે, જેના કારણે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે.

**કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ**



વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવાની છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું છે. જેને લઈ પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ અને ફુટ પેટ્રોલિંગ હાથ ધરાયું છે.

### કોન્ટ્રાક્ટની વહેંચણીમાં દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

# સયાજી હોસ્પિટલમાં 'સ્વચ્છતા'ના નામે કરોડોનો ખેલ






**કેમ્પસમાં** વ્યાપેલી અસહ્ય ગંદકી અને ખાસ કરીને શૌચાલયોની દયનીય સ્થિતિ દર્દીઓ માટે આશીર્વાદને બદલે અભિશાપ

(પ્રતિનિધિ) વડોદરા. તા.18

વડોદરાની સયાજી હોસ્પિટલ હાલમાં ગંભીર આર્થિક અને વહીવટી અંધેરના કારણે ચર્ચાના ચકડોળે ચઢી છે. હોસ્પિટલના કેમ્પસમાં વ્યાપેલી અસહ્ય ગંદકી અને ખાસ કરીને શૌચાલયોની દયનીય સ્થિતિ દર્દીઓ માટે આશીર્વાદને બદલે અભિશાપ સાબિત થઈ રહી છે. કરોડો રૂપિયાના ટેન્ડરો અને કોન્ટ્રાક્ટ આપવામાં જે ગતિવિધિઓ જોવા મળી રહી છે, તે હવે દર્દીઓના જીવ પર આવીને અટકી છે.

ભૂતકાળમાં સફાઈ અને શૌચાલયની જાળવણીની સંપૂર્ણ જવાબદારી એક જ એજન્સી પાસે હતી, જેથી કામગીરીમાં સુસંગતતા રહેતી હતી. પરંતુ, નવા વહીવટી નિર્ણયો હેઠળ કરોડો રૂપિયાનો તોતિંગ કોન્ટ્રાક્ટ 'રાજેશ એન્ટરપ્રાઈઝ'ને સોંપવામાં આવ્યો. આ પછી, વિચિત્ર રીતે શૌચાલયની સફાઈ માટે અલગથી અન્ય એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવ્યો. આ "ભાગલા પાડો અને રાજ કરો" જેવી નીતિએ હોસ્પિટલમાં સફાઈ વ્યવસ્થાને સંપૂર્ણપણે ખોરવી નાખી છે. હવે કઈ એજન્સી જવાબદાર છે, તે નક્કી કરવામાં જ વહીવટીતંત્ર ઉણું ઉતરી રહ્યું છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે, કરોડો રૂપિયાનું આંધણ કર્યા પછી પણ જો દર્દીઓને પાયાની સ્વચ્છતા ન મળતી હોય, તો આ રકમ કોના ખિસ્સામાં જાય છે ? શું 'રાજેશ એન્ટરપ્રાઈઝ' કે અન્ય કોન્ટ્રાક્ટરોને છાવરવા માટે આ આખી સિસ્ટમ રચવામાં આવી છે ? કે પછી હોસ્પિટલના વહીવટી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે કોઈ અંદરખાને મિલીભગત ચાલી રહી છે ?

દર્દીઓના પરિવારજનો દ્વારા કરવામાં આવતી રજૂઆતો માત્ર કાગળ પર જ દબાઈ જાય છે. જો આ મામલે તંત્ર દ્વારા તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં નહીં આવે અને જવાબદાર અધિકારીઓ કે કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આ હોસ્પિટલ રોગચાળાનું એપી સેન્ટર બની જશે તેવા આક્ષેપો સામાજિક કાર્યકર કમલેશ પરમારે કર્યા છે.

### ભાડે ફેરવવા માટે આપેલી કારનો ઓળખીતાએ સોદો કરી નાખ્યો

# સંખેડાના વેપારીની જાણ બહાર બારોબાર કાર રૂ.7.50 લાખમાં સગેવગે

**તરસાલી** વિસ્તારમાં રહેતા ઓળખીતા દ્વારા મ વેપારી સાથે ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

સંખેડાના વેપારીએ તરસાલી ખાતે રહેતા તેમના ઓળખીતાને કાર ભાડે ફેરવવા માટે આપી હતી. પરંતુ આ ઓળખીતા એ જ તેમની કાર બોડેલી ખાતેના એક શખ્સને રૂપિયા 7.50 લાખમાં વેપારીની જાણ બહાર વેચીને સોદો કરી નાખ્યો હતો. કાર પરત નહી મળતા વેપારીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં રહેતા વસીમખાન સબ્બીરખાન પઠાણ (ઉ.વ. ૩૭) ફ્રુટની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમણે નવેમ્બર 2024માં બેંક લોન લઈને અંદાજે રૂ. 13.10 લાખમાં મારૂતી સુઝુકીની એર્ટિગા કાર ખરીદી હતી. જેનો દર મહિને રૂ. 18,300નો હપ્તો ભરવાનો આવતો હતો.

કાર ભાડે ચલાવવાની યોજના હેઠળ પૂરતી આવક ન મળતા તેઓએ મે 2025માં પોતાની ઓળખાણ ધરાવતા રશુલશા નાઝરશા દિવાન (રહે. નવીનગરી, તરસાલી, વડોદરા)ને કાર ભાડે ફેરવવા આપી હતી. બંને વચ્ચે દર મહિને રૂ. 31,000 ભાડું નક્કી થયું હતું. શરૂઆતના બે મહિના સુધી ભાડું મળ્યા બાદ રશુલશાએ ભાડું આપવાનું બંધ કરી દીધું હતું.

વસીમખાને વારંવાર ઉઘરાણી કરવા છતાં પૈસા ન મળતાં કાર પરત માંગવામાં આવી હતી. ત્યારે રશુલશાએ જણાવ્યું કે તેણે આ કાર બોડેલી ખાતે રહેતા હિમાંશુ ઉર્ફે સન્ની અગ્રવાલ (અગ્રવાલ કાર એસેસરીઝ, અલીપુરા ચાર રસ્તા)ને આશરે રૂ. 7.50 લાખમાં વેચી નાખી છે.

મહત્વની બાબત એ છે કે આ સોદો કારના મૂળ માલિકની જાણ અને મંજૂરી વગર જ કારનો સોદો કરવામાં આવ્યો હતો, તેમજ વસીમખાન હિમાંશુ અગ્રવાલને ઓળખતા પણ નથી.

આ સમગ્ર બનાવમાં વસીમખાન પઠાણે રશુલશા નાઝરશા દિવાન, હિમાંશુ ઉર્ફે સન્ની અગ્રવાલ સહિત અન્ય સંડોવાયેલા લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.